| | | |
|---|---|---|
| GJSK050015102023 | આંક– | |
| | કેસ દાખલ તા: | ૧૩/૦૭/૨૦૨૩ |
| | કેસ રજી.તા: | ૧૩/૦૭/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા: | ૧૭/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**

**અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા**

**ફોજદારી કેસ નં.૧૨૩૮/૨૦૨૩**

**ફરીયાદી** **:–** સરકાર શ્રી

વિરુધ્ધ

**આરોપીઓ** **:–** (૧) ગમાર હંગુભાઇ દલાભાઇ,
(૨) ગમાર નારણભાઇ દલાભાઇ,
(૩) ગમાર ભુરાભાઇ બાબુભાઇ,
(૪) ગમાર વિરમાભાઇ કાળાભાઇ,
તમામ રહે. બીલીવેડા ફળીયુ (ઝાંઝવા–પાંણાઇ),
તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

| | |
|---|---|
| ગુન્હો | ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |

| | |
|---|---|
| સરકારશ્રી તરફે | વિ. એ.પી.પી.શ્રી કે.એ.શાહ. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી એસ.બી.વાઘેલા. |

**–: ચુ કા દો :–**

(૧).. ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે ઝાઝવા

ગામે આ કામના ફરીયાદીના પતિએ આરોપીઓ વિરુધ્ધમાં કોર્ટમાં જમીન બાબતે કેસ કરેલ હોઈ જેનુ મન દુ:ખ રાખી ફરીયાદી બહેન ખેતરમાં કામ કરતી હતી તે દરમ્યાન આરોપીઓ ગાળો બોલતા–બોલતા આવી તે અમારા વિરુધ્ધમાં કોર્ટમાં કેસ કેમ કરેલ તેમ કહી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી છુટા પથ્થરો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી વડે સાહેદ દિનેશને ઈજાઓ કરી તેમજ ફરીયાદી તેમજ સાહેદોને નાની મોટી ઈજાઓ કરી એકબીજાને મદદગારી કરી મે ડી.એમ.સાહેબશ્રીના હથિયારબંધી જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ.તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ખેડબ્રહમા પોલીસ સ્ટેશનમાં આપતાં,પોલીસ એજન્સીએ આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨).. આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક–૦૯ થી તહોમતનામું ફરમાવી આંક–૧૦ થી ૧૩ સુધી આરોપીઓની પ્લીઓ નોંધવામાં આવતાં આરોપીઓએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી શારદાબેન ગુજરાભાઇ તરાલની જુબાની. | ૪૨ |
| ૨. | સાહેદ દિનેશભાઇ ગુજરાભાઇ તરાલની જુબાની. | ૫૫ |
| ૩. | સાહેદ ગુજરાભાઇ લાડુભાઇ તરાલની જુબાની | ૬૦ |
| ૪. | સાહેદ રીન્કુબેન દિનેશભાઇ તરાલની જુબાની | ૬૧ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૪૮ | અસલ ફરીયાદ |
| ૨. | ૫૭ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩. | ૫૭ | રીકવરી પંચનામું |
| ૪. | ૫૮ થી ૬૨ | સારવાર સર્ટીફીકેટર્સ |
| ૫. | ૬૩ | જાહેરનામું |

ત્યારબાદ આંક–૬૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**(૪)..** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીઓનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આ કામના આરોપીઓએ તેઓની સામેના પુરાવા નો ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઇ સાહેદ તપાસેલ નથી તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓની વિરુધ્ધ ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ છે અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

**(૫)..** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને અને બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**(૬)..** આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે ઝાઝવા ગામે આ કામના ફરીયાદીના પતિએ આરોપીઓ વિરુધ્ધમાં કોર્ટમાં જમીન બાબતે કેસ કરેલ હોઈ જેનુ મન દુ:ખ રાખી ફરીયાદી બહેન ખેતરમાં કામ કરતી હતી તે દરમ્યાન આરોપીઓ ગાળો બોલતા–બોલતા આવી તે અમારા વિરુધ્ધમાં કોર્ટમાં કેસ કેમ કરેલ તેમ કહી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી છુટા પથ્થરો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી વડે સાહેદ દિનેશને ઈજાઓ કરી તેમજ ફરીયાદી તેમજ સાહેદોને નાની મોટી ઈજાઓ કરી એકબીજાને મદદગારી કરી મે ડી.એમ.સાહેબશ્રીના હથિયાર

બંધી જાહેરનામાંનો ભંગ કરી,ઇ.પી.કો.કલમ- ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ :-**

**(૮)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૪૨ થી ઈજાપામનાર ફરીયાદી શારદાબેન ગુજરાભાઈ તરાલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના છ વાગ્યેથી આસપાસ બનેલો. બનાવ સમયે તેઓ ખેતરમાં કપાસ ઉપાડતા હતા તે દરમિયાન ગંગુ દલા બોલતા બોલતા આવેલ કે, તમે અમારા ખેતરમાં કેમ કામ કરો છો? ત્યારબાદ તેનો ભાઈ નારણ દલા, ભુરા બાબુ, વીરમાં કાળા નાઓ આવેલા અને કહેલ કે, તમે જમીન છોડી ચાલ્યા જજો નહીતર મારી નાખીશુ. ગંગુના દલાના હાથમાં પથ્થરા હતા તે મને મારેલ જે મને હાથમાં પથ્થર મારેલો. આરોપીઓ અમારા ઘરે આવેલા ત્યારે તેઓ તથા તેઓના પતિ તથા તેઓનો દીકરો દિનેશ અને દિનેશની પત્ની રીન્કુનાઓ ઘરે હાજર હતા. આરોપી નારાણ દલાએ તેઓના છોકરા દિનેશને બરડાના ભાગે લાકડી મારેલી. એ વખતે હિંગુ દલા દોડીને આવેલા અને પત્થર મારો કરેલો. આરોપીઓ તેઓના પતિની પાછળ દોડેલા જેથી તેઓ તેમની પાછળ ગયેલી ત્યારે આરોપી હંગુ દલાએ તેમને છાતીના ભાગે પાટુ મારેલુ અને તેઓના દિકરા દિનેશની વહુને ભુરાબાબુએ પીઠના ભાગે પત્થર મારેલો. આ ઝઘડો અને બુમાબુમ થતા આરોપીઓ તેમને ધમકી આપી કહેવા લાગેલા કે આ ખેતર અને છાપરુ છોડી જતા રહેજો નહીતર તમોને જાનથી મારી નાખીશુ. વિરમા કાળાએ તેઓના પિતાને પત્થર મારેલો. તેઓને વાગતા તેઓ પહેલા મટોડા સરકારી દવાખાનામાં સારવાર કરાવવા

ગયેલા. ત્યારબાદ વધુ સારવાર માટે ખેડબ્રહ્મા ખાનગી દવાખાનામા ગયેલા અને સારવાર કરાવેલી તેમને છાતીમાં વાગેલ હોઈ ખેડબ્રહ્મા દવાખાનામા નવ દિવસ દાખલ રાખેલી. બનાવની તેઓએ ફરીયાદ આપેલી અને ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૪૮ થી રજુ કરવામાં આવેલ છે. તે મને મુદદામાલ લાકડી બતાવવામા આવે તો જોયેથી ઓળખી શકે. બનાવ સમયે ઘણો સમય થયેલ હોઈ મુદ્દામાલ લાકડી ઓળખતા શકતા ન હોવાનુ જણાવેલ છે. **તેમજ સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,** એ વાત ખરી છે કે, <u>બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા જેથી કોણ શું બોલતુ હતુ તેમજ કોના હાથમાં શું હથિયાર હતું તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ટોળું ભેગુ થયેલ હોય ટોળામાંથી કોણે શું મારેલ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોય દોડવા જતા પડી જવાથી તેમને તથા રીન્કુબેન તથા ગુજરાભાઈ તથા દિનેશભાઈનાઓને સામાન્ય ઈજાઓ થયેલ</u> હોવાનુ કબુલ રાખે છે. આમ, સદર ફરીયાદીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર ફરીયાદી બનાવમાં ઈજાપામનાર સાહેદ છે. આમ, સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર ફરીયાદી સરતપાસમાં ફરીયાદ હકીકત પુરાવો આપેલ છે પરંતુ સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા જેથી કોણ શું બોલતુ હતુ તેમજ કોના હાથમાં શું હથિયાર હતું તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ટોળું ભેગુ થયેલ હોય ટોળામાંથી કોણે શું મારેલ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોય દોડવા જતા પડી જવાથી તેમને તથા રીન્કુબેન તથા ગુજરાભાઈ તથા દિનેશભાઈનાઓને સામાન્ય ઈજાઓ થયેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફરીયાદી પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોની વિરુધ્ધની હકીકતો ઉલટતપાસમાં જણાવતાં હોય, સદર ફરીયાદીનો પુરાવો વિરોધાભાસ તથા શંકાસ્પદ જણાતો હોય, સદર ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૯).. આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૫૫ થી ઈજાપામનાર સાહેદ દિનેશભાઈ ગુજરાભાઈ તરાલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, આ કામના ફરીયાદીનાઓ તેઓના મમ્મી થાય છે. તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના છ વાગ્યેની આસપાસ તેઓ તથા તેઓના માતા પિતાનાઓ તેઓના ઘરે હતા અને તેઓના મમ્મી શારદાબેનનાઓ તેઓના ઘર આગળ કપાસ ઉપાડતા હતા તે વખતે આરોપીઓ સાથે તેઓના મમ્મીને જમીનના કેસ બાબતે બોલાચાલી થયેલી તે સીવાય બનાવમા બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ તેઓના મમ્મીનાઓએ આપેલી. બનાવ સબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા ની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે **તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં** બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હતા જેથી કોણ શું બોલતુ હતુ તેમજ કોના હાથમાં શું હથિયાર હતુ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ટોળુ ભેગુ થયેલ હોય ટોળામાંથી કોણે શું મારેલ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય દોડવા જતા પડી જવાથી તેમને તથા તેઓના મમ્મીને તથા તેઓના પિતાજીને તથા તેઓના પત્નીને સામાન્ય ઈજાઓ થયેલ હોવાનુ કબુલ રાખે છે.

(૧૦).. આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૬૦ થી ઈજાપામનાર સાહેદ ગુજરાભાઈ લાડુભાઈ તરાલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, આ કામના ફરીયાદીનાઓ તેઓના પત્ની થાય છે. તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના છ વાગ્યેની આસપાસ તેઓ તથા તેઓનો દિકરો દિનેશ તથા તેઓના દિકરાની વહુ રીન્કુ તેઓના ઘરે હતા અને તેઓના પત્ની શારદાબેનનાઓ તેઓના ઘર આગળ કપાસ ઉપાડતા હતા તે વખતે આરોપીઓ સાથે તેઓના પત્નીને જમીનના

કેસ બાબતે બોલાચાલી થયેલી તે સીવાય બનાવમા બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ તેઓના પત્નીનાઓએ આપેલી. બનાવ સબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી. શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા ની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમજ **સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં** બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હતા જેથી કોણ શું બોલતુ હતુ તેમજ કોના હાથમાં શું હથિયાર હતુ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ટોળુ ભેગુ થયેલ હોય ટોળામાંથી કોણે શું મારેલ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય દોડવા જતા પડી જવાથી તેમને તથા તેઓની પત્નીને તથા દિનેશભાઇ તથા રીન્કુબેનને સામાન્ય ઈજાઓ થયેલ હોવાનુ કબુલ રાખે છે.

**(૧૧)..** આ કામે ફરીયાદપક્ષ તરફે **આંક–૬૧ થી ઈજાપામનાર સાહેદ રીન્કુબેન દિનેશભાઇ તરાલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, આ કામના ફરીયાદીનાઓ તેઓના પત્ની થાય છે. તા.૦૧/૦૬/૨૦૨૩ ના રોજ સાંજના છ વાગ્યેની આસપાસ તેઓ તથા તેઓના પતિ તથા તેઓના સસરા તેઓના ઘરે હતા અને તેઓના સાસુ શારદાબેનનાઓ તેઓના ઘર આગળ કપાસ ઉપાડતા હતા તે વખતે આરોપીઓ સાથે તેઓના સાસુને જમીનના કેસ બાબતે બોલાચાલી થયેલી તે સીવાય બનાવમા બીજુ કાઈ બનેલ નહી. બનાવ અંગેની ફરીયાદ તેઓના સાસુનાઓએ આપેલી. બનાવ સબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી. શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા ની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમજ **સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં** બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હતા જેથી કોણ શું બોલતુ હતુ તેમજ

કોના હાથમાં શું હથિયાર હતુ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ટોળુ ભેગુ થયેલ હોય ટોળામાંથી કોણે શું મારેલ તે તેઓ કહી શકતા ન હોવાનુ તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલ હોય દોડવા જતા પડી જવાથી તેમને તથા તેઓના સાસુ તથા ગુજરાભાઇ તથા દિનેશ ભાઇ ને સામાન્ય ઇજાઓ થયેલ હોવાનુ કબુલ રાખે છે.

**(૧૨)..** આમ, ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી એવી હકીકત આવે છે કે, આ કામના આરોપીઓ સાથે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ એ સિવાય બીજુ કાંઇ બનેલ નથી તેમજ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવા થકી આ કામના આરોપીઓએ તેઓને કોઇ ગાળો આપેલ હોવાની હકીકત કે જાનથી મારી નાખવાની ગુન્હાહિત ધમકી આપેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આમ, આ કામના ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી હાલના આરોપીઓએ પોતાનો સામાન્ય ગુન્હાહિત ઈરાદો પાર પાડવા માટે ઘાતક હથિયારો ધારણ કરી, સાહેદોને કોઇ હથિયાર વતી કે અન્ય કોઇ રીતે માર મારી સ્વૈચ્છાપૂર્વક ની વ્યથા પહોંચાડી હોય કે ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બનાવ સમયે હાલના આરોપીઓએ કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**(૧૩)..** આ કામના આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૩૭ મુજબનો ગુનો પુરવાર કરવા માટે આરોપીઓએ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય ત્યારે જ આરોપીઓને ગુનેગાર ઠેરવી શકાય. જયારે હાલના કેસમાં ઈજાપામનાર ફરીયાદીએ તથા સાહેદોએ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ તેમને કોઇ માર મારેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કંઇ બનેલ ન હોવાની હકીકત જણાવતાં હોય ત્યારે આરોપીઓએ તેમને કોઇ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય તેવી કોઇ હકીકત પ્રસ્થાપિત થતી નથી. આમ, ફરીયાદ પક્ષ ઇ.પી.કો.કલમ–૩૧૯ મુજબના કોઇ તત્વો પુરવાર કરી શકેલ નથી.

**(૧૪)..** વધુમાં, આ કામે ફરીયાદપક્ષ તરફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોના પુરાવા થકી આ કામના આરોપીઓએ બનાવ વખતે ઉચ્ચારેલ ગાળોના કોઈ ચોકકસ શબ્દો રેકર્ડ ઉપર આવતા નથી તેમજ આ કામના આરોપીઓએ ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોને કોઈ જાનથી મારી નાખવા ની ધમકી આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આ કામના આરોપીઓએ આપેલ ધમકીના કારણે આ કામના ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોના ભયમાં હોય અને તેઓના રોજીંદા જીવનની ક્રિયાઓમાં કોઈ વિક્ષેપ પડેલ હોય તેમજ સદર બનાવ બનાદ આ કામના ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોને આરોપીઓ સાથે કોઈ બીજો બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. એ સંજોગોમાં આ કામના આરોપી ઓને ઈ.પી.કો.કલમ-૫૦૪ તથા ૫૦૬(૨) અન્વયે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૫)..** વધુમાં, આ કામે આરોપીઓ ઉપર જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનુ ત્હોમતનામું છે અને જાહેરમાં આરોપીઓએ હથિયાર લાવેલ હોવાનો આક્ષેપ છે પરંતુ ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદોએ તેઓની સરતપાસમાં તથા ઉલટતપાસમાં જણાવેલ નથી કે, તેમને કોઈએ કોઈ હથિયાર વડે માર મારીને ઈજા કરેલ હોય. જેથી ઈજાપામનાર ફરીયાદી તથા સાહેદનો પુરાવો શંકાસ્પદ બની જાય છે તેમજ આ કામના આરોપીઓ બનાવ સમયે જાહેરમાં હથિયાર ફેરવતાં હોઈ, તેવી કોઈ હકીકત તપાસવામાં આવેલ કોઈપણ સાહેદો જણાવતાં નથી તેમજ જાહેરનામાંની પ્રસિધ્ધી કેવી રીતે કરવામાં આવેલ તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી અને કાયદા મુજબ જાહેરનામાંની પ્રસિધ્ધી પુરવાર ના થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિતને જાહેરનામાંના ભંગ બદલ તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૬)..** ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમાં બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી, ત્યારે ફરિયાદીએ તેમનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. તેજ રીતે ફોજદારી કાર્યવાહીમા માત્ર અનુમાન અને ધારણાના આધારે કોઈને તકસીરવાન ઠરાવી

શકાય નહી. આમ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ સામે ગુન્હાના કામે સાંકળતો કોઇ પુરાવો રજુ કરી શકેલ નથી. તેવા સંજોગોમા તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૭)..** આમ તમામ પુરાવાઓનુ વિશ્લેષણ કર્યા બાદ ફરિયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમા આપી અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**<u>-:: હુ ક મ ::-</u>**

**(૧)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપીઓ (૧) ગમાર હંગુભાઇ દલાભાઇ, (૨) ગમાર નારણભાઇ દલાભાઇ, (૩) ગમાર ભુરાભાઇ બાબુભાઇ તથા (૪) ગમાર વિરમાભાઇ કાળાભાઇનાઓને ઇ.પી.કો. કલમ- ૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)..** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭-એ અન્વયે આ કામના આરોપીઓએ આ કામે અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭ મી, માહે: જુલાઇ, સને:૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૭/૨૦૨૬
સ્થળ-ખેડબ્રહમા

(કે.જે.રાઠોડ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ખેડબ્રહમા.
**JUDGE CODE NO.GJ00875**

//Mahavir//